હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગાડી પાર્ક કર્યા પછી... સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવ જોવા ચાલતા ગયા હતા....???

વાત-વાતમાં.....

- હોળાષ્ટક બેસી ગયું જેનું સમાપન હોળીના પર્વ સાથે થશે. હોળી પ્રગટાવવાથી વાતાવરણ શુદ્ધ બને અને કોરોના સહિતના વાયરસના ઉપદ્રવથી બચી શકાય તે માટે હોળીના મહા હવનમાં નાંખવા માટેની વૈદિક હવન સામગ્રી અંગેના મેસેજીસ સોશ્યલ મિડીયા પર વાઈરલ થઈ રહ્યાં છે.
- આજકાલ જમાનો મલ્ટિ પ્લેક્સ થીએટર્સનો છે. જેમાં એક જ સિનેમાગૃહમાં એક થી વધુ સ્ક્રીન ઉપલબ્ધ હોય છે. ગાંધીનગરના વાવોલ ખાતે એકસમયે ભારે દબદબો ધરાવતુ છેલ્લુ સિંગલ સ્ક્રીન થીએટર ''સૂર્યા સિનેમા'' પણ હવે ઈતિહાસ બની ચુક્યું છે. કેમ કે તેને સંચાલકો દ્વારા તોડી પાડવામાં આવ્યું છે.
- શહેરમાં હોળીના તહેવારને અનુલક્ષીને વિવિધ ''હોલી-પાર્ટી''ના આયોજનો હાથ ધરાયાં છે. આ પાર્ટીઓમાં ડીજે સાઉન્ડ સાથે રેઈન ડાન્સથી માંડીને ઈકો-ફ્રેન્ડલી કલર્સ અને વૉટર બલુન્સ તેમજ ''લાઈવ ઢોલ'' જેવા આકર્ષણો ઓફર કરાઈ રહ્યાં છે.

ચિલોડા પોલીસે દારૂ સાથે પકડી પાડેલ શખ્સ હત્યાનો આરોપી

તાજેતરમાં ચિલોડા પોલીસના જવાનોએ ઝાયલો કારમાંથી વિદેશી દારુ સાથે એક શખ્સને પકડી પાડ્યો હતો અને કારમાંથી ૧.૧૭ લાખની દારુની બોટલો પકડી પાડી હતી. આરોપીના બે દિવસના રીમાન્ડ દરમિયાન આરોપી યુવક ૨૦૧૬ માં કેશોદમાં થયેલી હત્યાનો આરોપી હોવાનું સામે આવ્યું છે તેમજ તે રાજકોટ ખાતે ખોટા નામે રહેતો હોવાનું ધ્યાને આવ્યું છે. આરોપી છેલ્લા એક વર્ષથી પેરોલ જમ્પ કરીને ભાગતો ફરતો હતો.

ચિલોડા પોલીસ મથકના પીઆઈ એચ.પી.જાડેજાના ટીમના સભ્યોએ તાજેતરમાં ચંદ્રાલા નજીકથી ઝાયલો ગાડીમાંથી વિદેશી દારુનો જથ્થો પકડી પાડ્યો હતો. તે સમયે આરોપીએ પોતાનુ નામ દિપ ભરતભાઈ વાશાણીલ (રહે.લાઠ ઉપલેટા) જણાવ્યું હતું. આ અંગે પીએસઆઈ એમ.એન.બારીયા વધુ તપાસ હાથ ધરતા આરોપીને કોર્ટમાં રજુ કરતા બે દિવસના રિમાન્ડ મંજુર થયા હતા. બે દિવસના રિમાન્ડમાં આરોપીની પુછતાજ કરતા આરોપીનું સાચુ નામ જીતુ ઉર્ફે જગદીશ નાથાભાઈ સુત્રેજા (વર્ષ ૨૭ રહે.સુત્રેજ કેશોદ) હોવાનું ધ્યાને આવ્યું હતું.

કલોલની શાળાનો પ્રોજેક્ટ ''ગ્રંથ મંદિર'' હૈદરાબાદ લીટરસી ફેસ્ટિવલ''ના રીડીંગ ઓલ્મ્પિયાડમાં ઝળક્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કલોલની સરકારી પ્રાથમિક શાળા નં. ૯ ના મુખ્ય શિક્ષિકા પ્રીતિ ગાંધીને તાજેતરમાં હૈદરાબાદ ખાતે યોજાયેલા લીટરસી ફેસ્ટિવલમાં ''ફૂડ ફોર યાર્ડ ફાઉન્ડેશન'' દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાના ''ઈન્ડિયા રીડીંગ ઓલ્મ્પિયાડ''માં ''ઈનોવેશન ફોર રીડીંગ'' કેટેગરીમાં વિજેતા થવા બદલ શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને આ સન્માન શાળામાં શરૂ કરેલા ''ગ્રંથ મંદિર'' પ્રોજેક્ટને અનુલક્ષીને આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં વાચનનું મહત્વ ખૂબ જ છે. આ શાળાએ આ વાત માત્ર પોતાના સુધી સીમિત ન રાખતા, અન્ય અનેક શાળાઓમાં પુસ્તકદાન આપી એક અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે. ઉલ્લેખનીય છે કે આ શાળાનો

વાચન પ્રોજેક્ટ નામે 'ગ્રંથ મંદિર' રાષ્ટ્રપતિ ભવનની કાયમી ઈનોવેશન ગેલેરીમાં સ્થાન પામ્યો છે. શાળાના આચાર્ય પ્રીતિબેન ગાંધીએ કલસ્ટરના સી.આર.સી. કો. ઓર્ડિનેટર યોગેશભાઈ આચાર્યના માર્ગદર્શન અને સાથ સહકારની પ્રસંશા કરી હતી. આ સિદ્ધિમાં શાળા પરિવાર અને દાતાઓની સહભાગિતાનો ઉલ્લેખ પણ કર્યો હતો.

ભાટ બર્નીંગ કારને પગલે ગાંધીનગર પોલીસનો સેફટી મેસેજ

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ નજીક ભાટ મધર ડેરી પાસે ગતરોજ કારમાં અચાનક લાગેલી આગમાં કાર ચાલક જીવતો બળીને ભડથુ થઈ ગયો હતો. ત્યારે ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારમાં આ મુદ્દો કરૂણતાની રીતે ચર્ચાસ્પદ બન્યો છે. જેને પગલે ગાંધીનગર પોલીસે પોતાના ફેસબુક પેજ પર આ બનાવ અંગે નાગરીકો જાગૃત થાય તે માટે પ્રયાસ કર્યો છે. પોલીસના ફેસબુક પેજ પર લખાણ લખાયુ છે કે ઈન્દીરા બ્રિજ નજીક કારમાં આગની ઘટના ઘણીજ હૃદયદ્રાવક અને કરૂણાદાયક હતી. પરંતુ આ બનાવ બન્યો હતો તે સમયે ઘણા બધા વ્યકિતઓ સ્થળ પર હાજર હતા.

જેમાં કેટલાક વ્યકિતઓ વિડીયો ઉતારતા હતા તો કોઈ અન્ય નાગરીકો એમ્બ્લુન્સ કે ફાયરટીમની રાહ જોઈને બેઠા હતા. ત્યારે આવા સમયે ડિઝાસ્ટર હેન્ડલ કરવાની સૂઝ જરૂરી બની જાય છે. ત્યાં હાજર નાગરીકોમાંથી કોઈએ આગની ઘટનાના પ્રારંભિક તબક્કામાં જ કારનો કાચ તોડી નાંખ્યો હોત તો કાર ચાલકને બચાવી શક્યા હોત. ત્યારે આ પ્રકારની ઘટના સમયે કાર ચાલક પોતે પણ પોતાની શીટના હેડરેસ્ટને બહાર કાઢી તેના અણીવાળા પોઈન્ટથી કાચ તોડીને બહાર આવી શકે છે.

ખૂણેખાંચરેથી

- માણસા તાલુકાના ૧૦થી વધુ સરપંચો આજે સમુહમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલને મળ્યા હતા અને ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો અંગે રજુઆતો કરી હતી.
- મહિલા અને બાળ વિકાસ કમિશ્નરેટ દ્વારા આગામી ૮ મી માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણીના આયોજનના માર્ગદર્શન માટે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને સંગીત નાટ્ય અકાદમીના સહયોગથી મહિલા દિન નિમિત્તે મહિલા ગાયિકાઓ દ્વારા ગવાયેલા ફિલ્મી ગીતોનો એક કાર્યક્રમ સેક્ટર-૨૨ના રંગમંચ પર ૮મી માર્ચના રોજ યોજાયેલ છે.
- ગાંધીનગર શહેરમાં ક્રેડીટ સોસાયટી તરીકે આગવી ઓળખ ઉભી કરનાર ન્યુ ક્રેડીટ સોસાયટી ફોર સચિવાલય એમ્પલોઈઝનો આજે ૩૯ મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. જૂના-નવા ડિરેક્ટરોએ આજે એકબીજાને મળી શુભેચ્છાઓ આપી હતી.
- પીયુસીના હાલના દરોમાં ફેરફાર કરવા અંગે સરકાર દ્વારા સક્રિય વિચારણા ચાલી રહી છે તેમ વાહન-વ્યવહાર વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

ઘ-૪ ગાર્ડનમાં છોકરીઓને જોઈને ચેનચાળા કરતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર શિક્ષણનગરી બનતા વિદ્યાર્થી ભાઈ બહેનોની સંખ્યામાં સવિશેષ વધારો થયો છે. ત્યારે શાળા કોલેજોની આસપાસ તો રોમિયોગીરી કરતા યુવકો નજરે પડતા હોય છે. પરંતુ શહેરના ગાર્ડનમાં પણ યુવતિઓનો જોઈને ચેનચાળા કરતા યુવકો ધ્યાને આવતા હોય છે. ત્યારે ગાંધીનગર એલસીબી પોલીસે પણ ચેનચાળા કરતા યુવકો સામે લાલ આંખ કરી છે. શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાંથી છોકરીઓને જોઈને બિભત્સ ચેનચાળા કરતા બે યુવકોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ એલસીબીના મહિલા એએસઆઈ જાગૃતિબા, કૌશરજહાં, વુ.લો.ર.હેતલબેન, કૈલાશબા, અને જયોતિકુમારી પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાંથી વિવિધ જગ્યાએથી ભગીરથભાઈ વાલજીભાઈ શિયાળ (રહે.૧૨, નર્મદાનગર પાળીયાદ રોડ બોટાદ, તા.જી.બોટાદ), અને વિજયકુમાર લીલાભાઈ પંચાલ (રહે.૪૮ સોમાનાથ સોસાયટી કાશીબા સ્કુલની બાજુમાં મહાદેવનગર વસ્ત્રાલ)ને ગાર્ડનમાંથી પસાર થતી છોકરી-મહિલાઓને જોઈને ચેનચાળા અને ગંદી હરકતો કરતા હોવાથી તેમને તાત્કાલીક પકડી પાડી બંન્ને સામે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેટનો ખાડો કઈ કેટલીય વેઠ કરાવે છે. કાળી મજૂરી કરવા છતાં માંડ પેટ ભરાય તેટલુ મળે છે. પેટ માટેની આ વેઠમાં બાળકોને ખૂબ સહન કરવુ પડે છે. દૂર દૂરના વિસ્તારોમાંથી મજૂરી કામ માટે આવતા મજૂરો અને કામદારોના બાળકોને શિક્ષણ સહિતની સુવિધાઓથી વંચિત રહેવુ પડે છે. સવારથી માતા-પિતા સાથે મજૂરી કામે ઉપડી જતાં આ બાળકો ખૂબ નાની ઉંમરમાં મજૂરી કામે જોતરાઈ જાય છે. તસ્વીરમાં ખભે બેસેલુ આ બાળક ખૂબ માસૂમ લાગી રહ્યુ છે. માતા-પિતા સાથે મજૂરીકામે જવુ જ જાણે તેની કિસ્મત બની ગઈ છે.

સરઢવ પાસે એસટી બસની ટક્કરે બાઈકચાલક આધેડને ઈજા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા સરઢવ પાસે એસટી બસની ટક્કરે આધેડ વ્યકિતને ઈજા પહોંચી છે. સરઢવની દુધ મંડળીમાં દુધ ભરાઈને પરત ઘરે જઈ રહ્યા હતા તે સમયે સરઢવ-ધમાસણા માર્ગ પર એસટી બસના ચાલકે બાઈકને ટક્કર મારી હતી.

બસની ટક્કર વાગતા દશરથજી રોડ પર નીચે પટકાયા હતા જેને પગલે તેમને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત દશરથજીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. આ બનાવમાં ઘાયલ દશરથજીના પત્ની સોનલબેન ઠાકોર દ્વારા જી.જે.૧૮.વાય.-૭૨૮૯ એસટી બસના ચાલક સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. કલોલના મુળ દશરથજી સરઢવ ગામે સરકારી બોર પાસે આવેલા બોર પર રહે છે.પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

સેકટર-૬ની પ્રાથમિક શાળા પાસે હાલમાં નવા સરકારી આવાસોનું કામકાજ ચાલી રહ્યું છે. જેના કારણે પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય ગેટની પાસે જ કામ ચાલી રહ્યું હોવાથી વિદ્યાર્થીઓને કમ્પાઉન્ડની દિવાલ કુદાવવી પડે છે.

ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં ૧૯ જીઆઈડીસી કાર્યરત

ગાંધીનગર, તા. ૨

રાજયમાં ઉદ્યોગો અને રોજગારીને પ્રોત્સાહિત કરવાના હેતુથી નવીન જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવે છે. રાજયમાં હાલ અરવલ્લી જિલ્લામાં ૩, ગાંધીનગર જિલ્લામાં ૯, સાબરકાંઠામાં ૩ તેમજ દાહોદ અને છોટાઉદેપુરમાં ૨-૨ એમ કુલ ૧૯ જીઆઈડીસી કાર્યરત છે તેમ વિધાનસભાગૃહમાં વિવિધ જિલ્લાઓમાં કાર્યરત જીઆઈડીસી અંગે ધારાસભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા વિધાનસભા ગૃહમાં ઉદ્યોગ વિભાગની જવાબદારી ધરાવતા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું.

રાજયમાં જરૂરિયાત મુજબ નવીન જીઆઈડીસી સ્થાપવા રાજય સરકાર કટિબદ્ધ છે તેમ જણાવતા મંત્રી પટેલે કહ્યું હતું કે ગાંધીનગર ખાતે આવેલી ગિફ્ટ સિટીમાં વૈશ્વિક કક્ષાની કંપનીઓ ઉપરાંત ટાટા, બેંક ઓફ બરોડા, બીએસઈ, એનએસઈ જેવી કંપનીઓ દ્વારા અંદાજે ૧૦,૦૦૦થી વધારે લોકોને રોજગારી આપવામાં આવે છે.

સ્થાનિક યુવાનો આ ગિફ્ટ સિટી ખાતે પોતાનો વ્યવસાય સ્થાપી શકે તે માટે જીઆઈડીસી ૬ લાખ ચોરસ ફુટની જગ્યા ઉપલબ્ધ કરાવવા જઈ રહી છે. આ સાથે ગિફ્ટ સિટી એક વૈશ્વિક કક્ષાનું હબ બનશે તેમ પણ મંત્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું.

મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં અદ્યતન વિજ્ઞાન ભવનનું ઉદ્ઘાટન

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે મોન્ટોકાર્લો શિક્ષણ સંકુલ પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં મગનલાલ કેશવલાલ પટેલ વિજ્ઞાનભવનનું ઉદ્ઘાટન દાતા પુષ્પાબેન મગનલાલ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ ભવન બનાવવા માટે મગનલાલ કેશવલાલ પટેલ પરિવાર તરફથી ૧૧ લાખ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત મુરૂગપ્પા મોર્ગન થર્મલ સિરામિક લિમિટેડ દ્વારા આઠ લાખ રૂપિયાનું દાન મળ્યુ હતુ. કેન્દ્ર સરકાર દ્વારા આ સંસ્થાને અટલ ટીકરીંગ લેબોરેટરી પણ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત નટુભાઈ ઠક્કર કમ્પ્યુટર સાયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન દાતા ડૉ. ઉપેન્દ્રભાઈ રાવલ તેમજ ગોવિંદભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જલ્પા વિજ્ઞાન લાઈબ્રેરીનું ઉદ્ઘાટન દાતા અનસુયાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યુ. આ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત દાતા અને મહાનુભાવોનું શાલ ઓઢાડી મોમેન્ટો અને બુકેથી સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વઢેર ધો. ૧૦ અને ધો. ૧૨ના પરીક્ષાર્થીઓને માર્ગદર્શન સાથે શુભેચ્છા પાઠવી હતી. દાતાઓની ઉમદા કાર્યને બિરદાવી હતી. શ્રી કેળવણી મંડળના હોદ્દેદારો, આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો, શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક રાજુભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

સાદરા ગૂજરાત વિદ્યાપીઠ સંકુલમાં સ્વરોજગારની તાલીમ

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતેના મહાદેવ દેસાઈ ગ્રામ સેવા

સંકુલ ખાતે ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ અને બા-બાપુ ૧૫૦ વર્ષની ઉજવણી સંદર્ભે વિદ્યાર્થીઓને અંબરચરખા થકી ખાદીના આસન અને તેમજ પગલુછણીયાં બનાવવાની ઉદ્યોગકીય તાલીમ આપવામાં આવી રહી છે જેથી તેઓ સ્નાતક થયા બાદ ઉદ્યોગ દ્વારા સ્વાવલંબી જીવન જીવી શકે અને રોજગારી મેળવતા થાય. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ અને ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ ઉદ્યોગ તાલીમ વર્ગની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે તાલીમ વર્ગનું સંચાલન હિમંતભાઈ વાણિયા અને વસંતબેન વાણિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

એલડીઆરપી કોલેજ કેમ્પસ ખાતે 'ઝેનેસિસ-૨૦૨૦'નું આયોજન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૧૫ સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એલડીઆરપી ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ ખાતે આગામી તા. ૬ઠ્ઠી અને ૭મી માર્ચના રોજ રાષ્ટ્રીય કક્ષાની ટેકનોલોજીકલ સ્પર્ધા 'ઝેનેસિસ-૨૦૨૦' યોજાશે જેની આ વર્ષની થીમ 'સ્પેસ' રાખવામાં આવી છે. ઝેનેસિસ-૨૦૨૦માં વિવિધ પ્રકારની ૩૨ જેટલી સ્પર્ધાઓ યોજાશે. જેમાં રોબોટિકસ, કોમ્પ્યુટરીંગ અને ગેમીંગ વગેરેનો પણ સમાવેશ થાય છે.

'ઝેનેસિસ' સ્પર્ધાઓ છેલ્લા ૧૦ વર્ષથી યોજાઈ રહી છે. જેમાં આ વર્ષે ૨૫૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે તેમજ ૫ હજારથી વધુ મુલાકાતી મુલાકાત લેશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે. કોમ્પ્યુટરીંગ, ગેમીંગ, સાયન્સ અને ટેકનોલોજીકલ પ્રોજેકટસ એકસ્પો, બ્રીજ એન્ડ બિલ્ડીંગ, ઈલેકટ્રિકલ અને ઈલેકટ્રોનિકસ તથા બીજનેસ મેનેજમેન્ટને આવરી લેતી આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓની કુશળતા, ચપળતા, જ્ઞાન અને સંચાલન સહિત પરિસ્થિતિ આધારિત નિર્ણય શકિતની કસોટી થાય છે.

સાયન્સ સિટી કાર્નિવલ ૨૦૨૦નું સમાપન યોજાયુ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સાયન્સ સિટી દ્વારા યોજયેલ 'સાયન્સ સિટી કાર્નિવલ ૨૦૨૦' નું રવિવારના રોજ સમાપન કરાયું. ત્રણ દિવસીય કાર્નિવલમાં યુવા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતુ.

સાયન્સ સિટીના એકિઝકયુટિવ ડાયરેકટર એસ.ડી. વોરા, સાયન્સસિટી એડમિનીસ્ટ્રેટિવ ઓફિસર એન.માતંગકુમાર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી સાયંટિસ્ટ ડો.વિશાલ જોશી અને આર્ટિફિસિયલ ઈંટલિજન્સ એકસપર્ટ ગુજકોસ્ટના ઓફિશિયલ રિસોર્સ પર્સન ડો. માધવ પંડ્યા ઉપસ્થિત આ સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માતંગકુમારે જણાવ્યુ કે ''જેવી રીતે ક્રિકેટમાં ટેસ્ટથી ટી૨૦નું ફોર્મેટ આવી ગયું છે, લોકોને લાંબી વસ્તુઓ કંટાળાજનક લાગે છે તેજ રીતે સાયન્સ કાર્નિવલ પણ હવે ૩ દિવસ માટે યોજાય છે. પણ આ ત્રણ દિવસમાં ઉત્સાહનું પ્રણામ ત્રણ દિવસના કાર્નિવલમાં એટલુ જ છે. આ કાર્નિવલને સફળ બનાવવામાં દરેકનો સહયોગ સરાહનીય રહ્યો છે.''

આજ વાતને પ્રતિસાદ આપતા એસ.ડી. વોરાએ જણાવ્યુ હતું કે ''આ કાર્નિવલનો હેતુ વિદ્યાર્થીઓને તેમના વિચારોની રજૂઆત કરવાનો મોકો આપવાનો હતો. અમારી પાસે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમનામા વૈજ્ઞાનિક અભિગમ વિકસાવી શકે. ઈસરો, પીઆરએલ અને એનઆઈડી જેવી સંસ્થાઓના વિષય નિષ્ણાતો છે.''

તેઓએ કાર્નિવલને સફળ

બનવવા બદલ સાયન્સ સિટીના કર્મચારીઓ અને એડ્મીનીસ્ટ્રેટીવ ઓફિસર એન. માતંગકુમારનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ઈ-ટેન્ડર નિવિદા નં. ૧૭ સને ૨૦૧૯-૨૦)
આઈ.ડી. નં. ૪૦૧૩૩૨

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વિંગ, પાંચમા માળ, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી મ. અને નિ. એમ-૧ ભાગ-૨ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ મુબારકપુરાથી અલુવા તરફ જતી પાણીની હયાત તુટેલી પાઈપલાઈનની જગ્યાએ નવીન પાઈપલાઈન નાખવાના કામની અંદાજીત કિંમત રૂ. ૫,૨૧,૩૬૯.૦૦ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદાર બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http://www.statetenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ :૧૬.૩.૨૦૨૦ અને ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતાં સુધારા ઓનલાઈન મુકવામાં આવે છે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦ માહિતી/૨૪૪૫/૧૯-૨૦